# 50

## આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલનું બાંધકામ

***15/4/1860 શ્રી અમિત ચાવડા** (આંકલાવ): ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૦૧-૦૪-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજુ થયેલ *પ્રશ્ન ક્રમાંક:૩૯૫૪૬(અગ્રતા-૧૦૫)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | આણંદ જિલ્લામાં વ્યાયામ શાળામાં સિવિલ હોસ્પિટલ બાંધવા/બનાવવા અંગે તા.૨૩-૦૯-૨૦૨૦ના રોજ મંજૂરી આપવામાં આવેલ તે અંગે પ્લાનીંગની મંજૂરી અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ક્યારે પૂર્ણ કરવામાં આવી, | (૧) | આણંદ જિલ્લામાં વ્યાયામશાળામાં સિવિલ હોસ્પિટલ બાંધવા/ બનાવવા અંગે તા.૨૩/૦૯/૨૦૨૦ના રોજ મંજૂરી આપવામાં આવેલ, પરંતુ સ્થળ સ્થિતિ અને સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈ સદર હુકમ રદ કરી "ગુજરાત પશુ ચિકિત્સાલય અને પશુપાલન મહાવિદ્યાલય યુનીવર્સીટી, આણંદ કેમ્પસ" પૈકીની ૨૯૭૩૮ ચો.મી. જમીનની ફાળવણી તા.૦૧-૧૨-૨૦૨૩ના રોજથી થયેલ છે.સદરહુ સ્થળે સિવિલ હોસ્પિટલ માટેની કામગીરી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ટેન્ડર મંજૂરી હેઠળ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને | (૨) | ઉક્ત સ્થિતિએ ટેન્ડર મંજૂરી હેઠળ છે. |
| (૩) | ઉક્ત સિવિલ હોસ્પિટલની કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) | અંદાજીત કિંમત રૂ.૧૬૦.૫૯ કરોડના ખર્ચે બે(૨) વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------